IJCRT.ORG ISSN : 2320-2882

INTERNATIONAL JOURNAL OF CREATIVE RESEARCH THOUGHTS (IJCRT)

An International Open Access, Peer-reviewed, Refereed Journal

# પ્રાથમિક શાળાઓના પુસ્તકાલયોની ક્ષમતા મજબૂત બનાવવા તથા શિક્ષકો અને વિદ્યાર્થીઓની વાંચન ક્ષમતાઓના સંવર્ધનમાં અમદાવાદ જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિની નીતિવિષયક ભૂમિકા

The Policy Role of the Ahmedabad District Panchayat Education Committee in Strengthening the Capacity of Primary School Libraries and Enhancing the Reading Competencies of Teachers and Students

સંશોધક

1. પટેલ મુકેશકુમાર નારણભાઈ, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી, જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ, અમદાવાદ
2. **પ્રજાપતિ ધર્માંશુ શિવરામ,** રીસર્ચ સ્કોલર, ચિલ્ડ્રન્સ રિચર્ચ યુનિવર્સિટી, ગાંધીનગર આચાર્ય, ઈંગોલી પ્રાથમિક શાળા, તા.ધોળકા, જિલ્લો:અમદાવાદ

સારાંશ (Abstract)

વર્તમાન જ્ઞાનકેન્દ્રિત યુગમાં ગુણવત્તાસભર શિક્ષણ માટે વાંચન સંસ્કૃતિનું નિર્માણ અનિવાર્ય બની ગયું છે. શાળાના પુસ્તકાલયને માત્ર પુસ્તકોના સંગ્રહસ્થાન તરીકે નહીં, પરંતુ જ્ઞાન, વિચારશક્તિ, સર્જનાત્મકતા અને સ્વઅધ્યયનના કેન્દ્ર તરીકે વિકસાવવાની જરૂરિયાત અનુભવાઈ રહી છે. પ્રાથમિક શિક્ષણમાં પુસ્તકાલયની ગુણવત્તા જેટલી ઊંચી હોય, તેટલી જ વિદ્યાર્થીઓ અને શિક્ષકોની વાંચનક્ષમતા, અર્થગ્રહણ શક્તિ તથા શૈક્ષણિક સિદ્ધિઓમાં વધારો થવાની સંભાવના રહે છે.

અમદાવાદ જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ દ્વારા પ્રાથમિક શાળાઓના પુસ્તકાલયોના ક્ષમતા નિર્માણ માટે અમલમાં મૂકાયેલા વિવિધ નીતિવિષયક ઉપક્રમોનું વિશ્લેષણાત્મક નિરૂપણ કરવામાં આવ્યું છે. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી સાથેનો સમજૂતી કરાર પુસ્તકમિત્ર પ્રકલ્પ, પાઠમાલા અભિયાન, પુસ્તકાલય ડિજિટલાઇઝેશન, બિનસરકારી સંસ્થાઓનો સહયોગ તથા પરફોર્મન્સ સ્ટાર પ્રકલ્પ જેવી પહેલોના માધ્યમથી પુસ્તકાલયોને વધુ કાર્યક્ષમ, સુલભ અને ઉપયોગી બનાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

આ પહેલોના પરિણામે શિક્ષકો અને વિદ્યાર્થીઓમાં વાંચન પ્રત્યેની અભિરુચિમાં વધારો, પુસ્તકાલયોના ઉપયોગમાં વૃદ્ધિ, સામાજિક સહભાગિતામાં વધારો અને વાંચન આધારિત શૈક્ષણિક પ્રવૃત્તિઓને નવી દિશા મળી હોવાનું અનુભવાયું છે. આ અભ્યાસ સૂચવે છે કે પુસ્તકાલય વિકાસને શૈક્ષણિક નીતિના કેન્દ્રસ્થાને રાખવાથી શિક્ષણની ગુણવત્તામાં નોંધપાત્ર સુધારો શક્ય બને છે.

મુખ્ય શબ્દો (Keywords): ક્ષમતા નિર્માણ, શાળા પુસ્તકાલય, વાંચન સંસ્કૃતિ, પુસ્તકમિત્ર, પાઠમાલા, ડિજિટલ પુસ્તકાલય, પ્રાથમિક શિક્ષણ, નીતિવિષયક પહેલ.

1. પ્રસ્તાવના (Introduction)

શિક્ષણ એ માત્ર માહિતી પ્રાપ્ત કરવાની પ્રક્રિયા નથી, પરંતુ વ્યક્તિના સર્વાંગી વિકાસનું શક્તિશાળી સાધન છે. ગુણવત્તાસભર શિક્ષણ માટે વાંચનની આદત, સ્વઅધ્યયનની વૃત્તિ તથા જ્ઞાનપ્રાપ્તિની જિજ્ઞાસા વિકસાવવી અત્યંત આવશ્યક છે. આ દિશામાં શાળાનું પુસ્તકાલય શિક્ષણ પ્રક્રિયાનું અભિન્ન અંગ છે.
આજના ડિજિટલ અને માહિતીપ્રધાન યુગમાં જ્ઞાનનો વ્યાપ અસાધારણ રીતે વધ્યો છે. દરરોજ લાખો નવી માહિતી ઉપલબ્ધ થઈ રહી છે. આવી પરિસ્થિતિમાં માહિતીનું વિવેકપૂર્ણ મૂલ્યાંકન કરવાની ક્ષમતા વિકસાવવા માટે નિયમિત વાંચન અનિવાર્ય બની ગયું છે. પુસ્તકાલય વિદ્યાર્થીઓમાં વાંચન સંસ્કૃતિ, ભાષાકૌશલ્ય, કલ્પનાશક્તિ, સંશોધનવૃત્તિ અને સર્જનાત્મક વિચારશક્તિના વિકાસમાં કેન્દ્રસ્થાન ધરાવે છે.

ભારતમાં પુસ્તકાલયોની પરંપરા અત્યંત પ્રાચીન છે. નાલંદા, તક્ષશિલા અને વિક્રમશિલા જેવી વિશ્વવિખ્યાત વિદ્યાપીઠોમાં સમૃદ્ધ ગ્રંથાગારો હતા. આધુનિક સમયમાં પુસ્તકોનું પ્રકાશન નોંધપાત્ર પ્રમાણમાં વધ્યું છે, છતાં શાળા પુસ્તકાલયોના વિકાસમાં હજુ પણ ગુણાત્મક સુધારાની આવશ્યકતા છે. ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારોમાં પુસ્તકાલયોને વધુ જીવંત, આકર્ષક અને ઉપયોગી બનાવવા માટે નીતિગત પ્રયાસો જરૂરી બને છે.

ભારત સરકારની નવી શિક્ષણ નીતિ–2020 (NEP-2020) પણ શાળાઓમાં વાંચન સંસ્કૃતિના વિકાસ, પુસ્તકાલયોના સશક્તિકરણ અને મૂળભૂત સાક્ષરતા તથા ભાષાકૌશલ્યના વિકાસ પર વિશેષ ભાર મૂકે છે. તે જ રીતે UNESCO અને IFLA દ્વારા પણ શાળા પુસ્તકાલયોને જીવનભરના અધ્યયન માટેનું કેન્દ્ર માનવામાં આવ્યું છે.

આ પરિપ્રેક્ષ્યમાં અમદાવાદ જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિએ જિલ્લા કક્ષાએ પુસ્તકાલય વિકાસને એક નીતિવિષયક અભિયાન તરીકે સ્વીકાર્યું અને વિવિધ નવીન કાર્યક્રમો દ્વારા પ્રાથમિક શાળાઓના પુસ્તકાલયોને વધુ કાર્યક્ષમ, સુલભ અને વિદ્યાર્થીકેન્દ્રિત બનાવવાનો પ્રયાસ કર્યો. આ લેખમાં આ પહેલોનું વિશ્લેષણાત્મક મૂલ્યાંકન રજૂ કરવામાં આવ્યું છે.

2. અભ્યાસની પૃષ્ઠભૂમિ (Background of the study)

અમદાવાદ જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ સંચાલિત પ્રાથમિક શાળાઓમાં કાર્યરત હજારો શિક્ષકો અને લાખથી વધુ વિદ્યાર્થીઓ સુધી ગુણવત્તાસભર વાંચન સામગ્રી પહોંચે તથા પુસ્તકાલયનો સક્રિય ઉપયોગ વધે તે હેતુથી વર્ષ 2021થી વિવિધ નવીન કાર્યક્રમો શરૂ કરવામાં આવ્યા.પુસ્તકાલયોના ભૌતિક વિકાસ ઉપરાંત વાંચનની સંસ્કૃતિ વિકસાવવી, શિક્ષકોને સંદર્ભસાહિત્ય ઉપલબ્ધ કરાવવું, સમાજના સહયોગથી પુસ્તકો એકત્રિત કરવાં, પુસ્તકાલયોને ડિજિટલ બનાવવાં તથા વિદ્યાર્થીઓમાં પુસ્તક વાંચ્યા પછી અભિવ્યક્તિ અને અર્થગ્રહણની ક્ષમતાનો વિકાસ કરવો, આ તમામ બાબતોને એક સંકલિત નીતિ હેઠળ અમલમાં મૂકવામાં આવી.આ પહેલોને કારણે પુસ્તકાલયો માત્ર પુસ્તક સંગ્રહસ્થાન ન રહી, પરંતુ શૈક્ષણિક પ્રવૃત્તિઓના સક્રિય કેન્દ્ર તરીકે વિકસવા લાગ્યા, જે પ્રાથમિક શિક્ષણની ગુણવત્તા સુધારવા માટે મહત્વપૂર્ણ પગલું સાબિત થયું.

Policy Framework

જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ

↙ ↓ ↘

પુસ્તકાલય વિકાસ શિક્ષક વિકાસ વિદ્યાર્થી વિકાસ

↘ ↓ ↙

વાંચન સંસ્કૃતિનો વિકાસ

↓

ગુણવત્તાસભર પ્રાથમિક શિક્ષણ

3. અભ્યાસના ઉદ્દેશો (Objectives of the Study)

1. અમદાવાદ જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ દ્વારા પ્રાથમિક શાળાઓના પુસ્તકાલયોના વિકાસ માટે અમલમાં મૂકાયેલી નીતિઓનો અભ્યાસ કરવો.
2. પુસ્તકાલયોના ક્ષમતા નિર્માણ માટે હાથ ધરાયેલા વિવિધ પ્રકલ્પોનું વિશ્લેષણ કરવું.
3. શિક્ષકોમાં વાંચન સંસ્કૃતિ વિકસાવવામાં પુસ્તકાલયોની ભૂમિકાનું મૂલ્યાંકન કરવું.
4. વિદ્યાર્થીઓની વાંચન ક્ષમતા, અભિવ્યક્તિ અને અર્થગ્રહણ શક્તિના વિકાસમાં પુસ્તકાલયોની અસરનો અભ્યાસ કરવો.
5. પુસ્તકાલયોના ડિજિટલાઇઝેશન અને સામાજિક સહભાગિતાના પરિણામોનું વિશ્લેષણ કરવું.
6. પ્રાથમિક શિક્ષણમાં પુસ્તકાલય વિકાસ માટે નીતિવિષયક ભલામણો રજૂ કરવી.

4. સંશોધન પ્રશ્નો (Research Questions)

1. પ્રાથમિક શાળાના પુસ્તકાલયોના ક્ષમતા નિર્માણ માટે કઈ પ્રકારની નીતિઓ અસરકારક બની શકે?
2. પુસ્તકાલય વિકાસથી શિક્ષકો અને વિદ્યાર્થીઓની વાંચન ક્ષમતામાં કેટલો ગુણાત્મક સુધારો જોવા મળે છે?
3. સામાજિક સંસ્થાઓ (NGOs) અને શૈક્ષણિક સંસ્થાઓ વચ્ચેનો સહયોગ પુસ્તકાલય વિકાસમાં કેટલો ઉપયોગી સાબિત થાય છે?
4. પુસ્તકાલયોના ડિજિટલાઇઝેશનથી પુસ્તક વ્યવસ્થાપન અને ઉપયોગમાં કેટલો સુધારો થાય છે?
5. પુસ્તકમિત્ર અને પરફોર્મન્સ સ્ટાર જેવા પ્રકલ્પો વાંચન સંસ્કૃતિ વિકસાવવામાં કેટલા અસરકારક છે?

5. સાહિત્ય સમીક્ષા (Review of Literature)

પુસ્તકાલય અને વાંચન સંસ્કૃતિ અંગે રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય સ્તરે વિવિધ અભ્યાસો કરવામાં આવ્યા છે. નવી શિક્ષણ નીતિ-2020 અનુસાર પ્રાથમિક કક્ષાએ વાંચનની આદત વિકસાવવી ગુણવત્તાસભર શિક્ષણનું મૂળભૂત તત્ત્વ છે. નીતિમાં દરેક શાળામાં સક્રિય પુસ્તકાલય તથા આનંદદાયક વાંચન વાતાવરણ ઊભું કરવાની ભલામણ કરવામાં આવી છે.

UNESCO(2021) અનુસાર પુસ્તકાલય જીવનભરના અધ્યયન (Lifelong Learning)નું મુખ્ય કેન્દ્ર છે. તે માત્ર માહિતી ઉપલબ્ધ કરાવતું માધ્યમ નથી, પરંતુ સર્જનાત્મકતા, વિચારશક્તિ અને સામાજિક વિકાસનું કેન્દ્ર પણ છે.

IFLA School Library Guidelines(2021) મુજબ ગુણવત્તાસભર પુસ્તકાલય વિદ્યાર્થીઓમાં માહિતી સાક્ષરતા સ્વઅધ્યયન અને સમસ્યા ઉકેલવાની ક્ષમતાનો વિકાસ કરે છે.

ભારતીય પુસ્તકાલય વિજ્ઞાનના પિતામહ ડૉ. એસ. આર. રંગનાથને પોતાના પાંચ મૂળભૂત નિયમોમાં પુસ્તકનો મહત્તમ ઉપયોગ થાય અને દરેક વાચકને તેની જરૂરિયાત મુજબનું પુસ્તક ઉપલબ્ધ થાય તે બાબત પર ભાર મૂક્યો છે.

ઉપરોક્ત અભ્યાસો દર્શાવે છે કે પુસ્તકાલયનો વિકાસ માત્ર ભૌતિક સુવિધાઓ પૂરતો મર્યાદિત ન રહે, પરંતુ વાંચન સંસ્કૃતિ, તાલીમ, ટેક્નોલોજી અને સમાજના સહભાગ સાથે સંકલિત રીતે થવો જોઈએ.અમદાવાદ જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ દ્વારા હાથ ધરાયેલા ઉપક્રમો આ વૈશ્વિક અભિગમ સાથે સુસંગત હોવાનું આ અભ્યાસમાં સ્પષ્ટ થાય છે.

6. સંશોધન પદ્ધતિ (Research Methodology)

પ્રસ્તુત અભ્યાસમાં ગુણાત્મક (Qualitative) અને વર્ણનાત્મક (Descriptive) સંશોધન પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો છે. આ અભ્યાસ મુખ્યત્વે દસ્તાવેજી વિશ્લેષણ (Document Analysis), કાર્યક્રમ અવલોકન (Program Overview) તથા વહીવટી અનુભવોના આધારે તૈયાર કરવામાં આવ્યો છે.

અભ્યાસ દરમિયાન નીચેના માહિતી સ્ત્રોતોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો:

- જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ, અમદાવાદના વહીવટી દસ્તાવેજો
- વિવિધ પરિપત્રો અને અહેવાલો
- પુસ્તકમિત્ર, પાઠમાલા અને પરફોર્મન્સ સ્ટાર પ્રકલ્પના અહેવાલો
- ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી સાથે થયેલ સમજૂતી કરાર
- UDISE+ આધારિત શૈક્ષણિક માહિતી
- સંબંધિત રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સાહિત્ય

અભ્યાસનું સ્વરૂપ મુખ્યત્વે નીતિવિશ્લેષણ (Policy Analysis) આધારિત છે.

7. અભ્યાસનું ક્ષેત્ર (Scope of the Study)

પ્રસ્તુત અભ્યાસ અમદાવાદ જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ સંચાલિત પ્રાથમિક શાળાઓ પૂરતો મર્યાદિત છે. અભ્યાસમાં જિલ્લાની તમામ તાલુકાઓમાં આવેલી પ્રાથમિક શાળાઓમાં પુસ્તકાલયોના વિકાસ માટે હાથ ધરાયેલી પહેલોનો સમાવેશ કરવામાં આવ્યો છે. અભ્યાસના સમયગાળા દરમિયાન અમદાવાદ જિલ્લો કુલ 9 તાલુકાઓમાં વિસ્તરાયેલો છે. જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ, અમદાવાદ સંચાલિત કુલ 686 પ્રાથમિક શાળાઓ કાર્યરત છે. આ શાળાઓમાં કુલ 5,174 શિક્ષકો સેવાઓ આપી રહ્યા છે તથા અંદાજે 1,57,523 વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે.

અભ્યાસનો મુખ્ય કેન્દ્રબિંદુ નીચેના મુદ્દાઓ પર આધારિત છે:

- પુસ્તકાલયોની ગુણવત્તામાં વધારો
- શિક્ષકોની વાંચન સંસ્કૃતિ
- વિદ્યાર્થીઓની વાંચન ક્ષમતાનો વિકાસ
- પુસ્તકાલયોના ડિજિટલાઇઝેશન
- સમાજ અને NGOની ભાગીદારી
- નવીન વાંચન કાર્યક્રમો

8. અમદાવાદ જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિની નીતિવિષયક પહેલો

પુસ્તકાલયોના ક્ષમતા નિર્માણ માટે જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ દ્વારા એક સંકલિત નીતિ અપનાવવામાં આવી, જેમાં માત્ર પુસ્તકો ખરીદવા કરતાં પુસ્તકાલયને જીવંત શૈક્ષણિક કેન્દ્ર બનાવવાનો અભિગમ અપનાવવામાં આવ્યો.

આ નીતિ ચાર મુખ્ય આધારસ્તંભો પર આધારિત છે:

- ગુણવત્તાસભર પુસ્તકોની ઉપલબ્ધતા
- પુસ્તકાલયનો નિયમિત ઉપયોગ
- શિક્ષકો અને વિદ્યાર્થીઓમાં વાંચનની આદતનો વિકાસ
- સમાજ, શૈક્ષણિક સંસ્થાઓ અને બિનસરકારી સંસ્થાઓની ભાગીદારી

આ અભિગમના પરિણામે પુસ્તકાલયો શિક્ષણની મુખ્ય પ્રવૃત્તિઓ સાથે સંકળાયા અને શાળાઓમાં વાંચન સંસ્કૃતિને નવી દિશા મળી. આ નીતિના અમલીકરણ માટે વિવિધ નવીન પ્રકલ્પો અમલમાં મૂકવામાં આવ્યા.

પુસ્તકાલય ક્ષમતા નિર્માણ મોડેલ

*નીતિગત આયોજન*

↓

*પુસ્તકાલય વિકાસ*

↓

*ગુણવત્તાસભર પુસ્તકોની ઉપલબ્ધતા*

↓

*શિક્ષક અને વિદ્યાર્થી વાંચન*

↓

*અર્થગ્રહણ અને અભિવ્યક્તિ*

↓

*ગુણવત્તાસભર શિક્ષણ*

9. અમદાવાદ જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ દ્વારા અમલમાં મૂકાયેલા પ્રકલ્પોનું સંશોધનાત્મક વિશ્લેષણ

પ્રાથમિક શાળાઓમાં ગુણવત્તાસભર શિક્ષણના વિકાસ માટે માત્ર પાઠ્યપુસ્તક આધારિત શિક્ષણ પૂરતું નથી, પરંતુ વાંચન સંસ્કૃતિ, સ્વઅધ્યયન અને જ્ઞાનપ્રાપ્તિની સતત પ્રક્રિયાને પ્રોત્સાહન આપતા સક્રિય પુસ્તકાલયોની પણ એટલી જ મહત્વપૂર્ણ ભૂમિકા છે. આ હકીકતને ધ્યાનમાં રાખીને અમદાવાદ જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ દ્વારા પુસ્તકાલયોના ક્ષમતા નિર્માણ માટે વિવિધ નીતિવિષયક અને નવતર પ્રકલ્પો અમલમાં મૂકવામાં આવ્યા. આ પ્રકલ્પોનો મુખ્ય ઉદ્દેશ પુસ્તકાલયોને જ્ઞાનના જીવંત કેન્દ્ર તરીકે વિકસાવવાનો અને શિક્ષકો તથા વિદ્યાર્થીઓમાં વાંચનની સંસ્કૃતિનો વિકાસ કરવાનો હતો.

9.1 ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી સાથે સમજૂતી કરાર (MOU)

હેતુ : શિક્ષકોને ગુણવત્તાસભર સંદર્ભસાહિત્ય, સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટેના પુસ્તકો, શિક્ષણવિષયક સંશોધન સામગ્રી અને કારકિર્દી માર્ગદર્શન સરળતાથી ઉપલબ્ધ કરાવવાનો મુખ્ય હેતુ હતો.

અમલીકરણ : તા. 12 ઓગસ્ટ, 2021ના રોજ જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ, અમદાવાદ અને ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી વચ્ચે સમજૂતી કરાર (MOU) કરવામાં આવ્યો. આ કરાર હેઠળ શિક્ષકોને પુસ્તકાલય સભ્યપદ, પુસ્તકાલય સંવર્ધન, કેરિયર ગાઇડન્સ કોર્નર તથા વ્યવસાયિક સજ્જતા સંબંધિત સેવાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી.

વિશ્લેષણ : આ પહેલના પરિણામે શિક્ષકોમાં સ્વઅધ્યયનની ભાવના મજબૂત બની, સંદર્ભગ્રંથો સુધી પહોંચ સરળ બની અને શિક્ષણની ગુણવત્તામાં વધારો કરવા માટે સતત વાંચનનું અનુકૂળ વાતાવરણ ઊભું થયું. ઉચ્ચ શિક્ષણ સંસ્થા અને જિલ્લા શિક્ષણ તંત્ર વચ્ચેનો આ પ્રકારનો સહયોગ ક્ષમતા નિર્માણનું ઉત્તમ ઉદાહરણ ગણાવી શકાય.

9.2 બિનસરકારી સંસ્થાઓ (NGOs) સાથે સહભાગીતા

હેતુ : સરકારી સંસાધનો ઉપરાંત સમાજના સહયોગથી પુસ્તકાલયોને વધુ સમૃદ્ધ અને આધુનિક બનાવવાનો હેતુ રાખવામાં આવ્યો.

અમલીકરણ : વોડાફોન-આઇડિયા (VI)ના સહયોગથી મોઇની ફાઉન્ડેશન દ્વારા સાણંદ તાલુકાની પસંદગીની શાળાઓમાં વિદ્યાર્થીઓની રુચિ અનુસાર પુસ્તકો તથા પુસ્તક સંગ્રહ માટેની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી. ઉપરાંત યુવા ફાઉન્ડેશનના સહયોગથી અનેક શાળાઓમાં પુસ્તકાલયોના ડિજિટલાઇઝેશનનું કાર્ય હાથ ધરવામાં આવ્યું.

વિશ્લેષણ : આ પહેલથી સરકારી-ખાનગી ભાગીદારી (Public–Private Partnership)નું અસરકારક મોડેલ વિકસ્યું. સમાજના સહયોગથી પુસ્તકાલયોની ગુણવત્તામાં વધારો થયો અને શાળાઓમાં વાંચન માટેનું અનુકૂળ શૈક્ષણિક વાતાવરણ સર્જાયું.

9.3 પુસ્તકમિત્ર પ્રકલ્પ

હેતુ: શિક્ષકો અને વિદ્યાર્થીઓમાં નિયમિત વાંચનની આદત વિકસાવવી તથા વાંચનને પ્રોત્સાહન આપવું.

અમલીકરણ : શૈક્ષણિક વર્ષ 2021–22 દરમિયાન 21 અથવા તેથી વધુ પુસ્તકો વાંચનાર શિક્ષકો અને વિદ્યાર્થીઓની નોંધણી ગૂગલ ફોર્મ દ્વારા કરવામાં આવી. ત્યારબાદ તેમની જાહેરમાં પ્રશંસા અને સન્માન કરવામાં આવ્યું.

વિશ્લેષણલ : પ્રોત્સાહન આધારિત આ પહેલથી વાંચનને સામાજિક પ્રતિષ્ઠા મળી. શિક્ષકો માટે તે સ્વવિકાસનું પ્રેરક સાધન બન્યું, જ્યારે વિદ્યાર્થીઓમાં વાંચન પ્રત્યે ઉત્સાહ અને સ્પર્ધાત્મક ભાવના વિકસી. આ પ્રકલ્પ વાંચન સંસ્કૃતિના વિકાસ માટે અસરકારક પ્રેરણાત્મક મોડેલ તરીકે ઉભરી આવ્યો.

9.4 પાઠમાલા પ્રકલ્પ

હેતુ : સમાજમાંથી પુસ્તકો દાન સ્વરૂપે મેળવી પુસ્તકસંપત્તિ ઓછી ધરાવતી શાળાઓ સુધી પહોંચાડવી.

અમલીકરણ : ગૂગલ ફોર્મના માધ્યમથી પુસ્તકદાન અભિયાન હાથ ધરવામાં આવ્યું. વિવિધ વ્યક્તિઓ, શિક્ષકો અને સંસ્થાઓએ ઉપયોગી પુસ્તકો દાનમાં આપ્યા, જેનું યોગ્ય વર્ગીકરણ કરીને જરૂરિયાત ધરાવતી શાળાઓ સુધી વિતરણ કરવામાં આવ્યું.

વિશ્લેષણ : આ પ્રકલ્પથી સમાજમાં શાળા પુસ્તકાલય પ્રત્યે માલિકીભાવ અને સહભાગિતાની ભાવના વિકસી. ઓછા ખર્ચે પુસ્તકાલયોની ગુણવત્તામાં વધારો શક્ય બન્યો અને પુસ્તકદાનની સંસ્કૃતિને પ્રોત્સાહન મળ્યું.

9.5 પુસ્તકાલય ડિજિટલાઇઝેશન

હેતુ : પુસ્તકાલયના સંચાલનને વધુ ઝડપી, પારદર્શક અને અસરકારક બનાવવો.

અમલીકરણ : જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિના માર્ગદર્શન હેઠળ સરળ અને વિનામૂલ્યે ઉપયોગ કરી શકાય તેવું પુસ્તકાલય સંચાલન સોફ્ટવેર વિકસાવવામાં આવ્યું. તેમાં પુસ્તકોની નોંધણી, ઇસ્યુ-રિટર્ન અને શોધ પ્રક્રિયાને ડિજિટલ સ્વરૂપ આપવામાં આવ્યું.

વિશ્લેષણ : ડિજિટલ વ્યવસ્થાના પરિણામે સમયની બચત થઈ, પુસ્તક વ્યવસ્થાપનમાં ચોકસાઇ વધી અને પુસ્તકાલય વધુ કાર્યક્ષમ બન્યા. ટેક્નોલોજીના ઉપયોગ દ્વારા પુસ્તકાલય સંચાલનમાં ગુણાત્મક પરિવર્તન આવ્યું.

9.6 પરફોર્મન્સ સ્ટાર પ્રકલ્પ

હેતુ : વિદ્યાર્થીઓમાં વાંચન, અર્થગ્રહણ, સમીક્ષાત્મક વિચારશક્તિ અને અભિવ્યક્તિ કૌશલ્યનો વિકાસ કરવો.

અમલીકરણ : આ પ્રકલ્પનો પ્રારંભ પાયલોટ સ્વરૂપે જિલ્લાની ત્રણ શાળાઓમાં કરવામાં આવ્યો. વિદ્યાર્થી પુસ્તક વાંચે છે, તેની સમીક્ષા તૈયાર કરે છે, શિક્ષક સમક્ષ રજૂ કરે છે, સહાધ્યાયીઓ સાથે ચર્ચા કરે છે, પ્રાર્થના સભામાં રજૂઆત કરે છે અને અંતે પરિવારજનો સમક્ષ પુસ્તકનો પરિચય કરાવે છે. આ તમામ તબક્કા સફળતાપૂર્વક પૂર્ણ કરનાર વિદ્યાર્થીને "સ્ટાર પરફોર્મર" તરીકે માન્યતા આપવામાં આવે છે.




વિશ્લેષણ : આ પ્રકલ્પ માત્ર વાંચન પૂરતો મર્યાદિત નથી, પરંતુ ભાષાકૌશલ્ય, આત્મવિશ્વાસ, નેતૃત્વ, સંવાદકૌશલ્ય અને સમીક્ષાત્મક ચિંતનના વિકાસમાં પણ મહત્વપૂર્ણ યોગદાન આપે છે. પરિણામે પુસ્તકાલયની પ્રવૃત્તિઓ વર્ગખંડની બહાર પરિવાર અને સમાજ સુધી વિસ્તરે છે.

9.7 સમગ્ર નીતિગત પહેલોનું વિશ્લેષણ

ઉપરોક્ત તમામ પ્રકલ્પોનું સંકલિત વિશ્લેષણ દર્શાવે છે કે અમદાવાદ જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિએ પુસ્તકાલય વિકાસને માત્ર ભૌતિક સુવિધાઓ સુધી મર્યાદિત રાખ્યો નથી, પરંતુ તેને શિક્ષક વ્યાવસાયિક વિકાસ, વિદ્યાર્થીના સર્વાંગી વિકાસ, સમાજની સહભાગિતા અને માહિતી પ્રૌદ્યોગિકીના અસરકારક ઉપયોગ સાથે સાંકળ્યો છે.

આ પહેલો નવી શિક્ષણ નીતિ–2020ના વાંચન સંસ્કૃતિ, અનુભૂતિમૂલક શિક્ષણ, સ્વઅધ્યયન અને જીવનભરના અધ્યયન (Lifelong Learning) જેવા મૂળભૂત સિદ્ધાંતો સાથે સુસંગત છે. તેથી આ મોડેલ અન્ય જિલ્લાઓ માટે પણ એક અનુસરવા યોગ્ય નીતિવિષયક મોડેલ તરીકે સ્થાપિત થઈ શકે છે.

પ્રકલ્પવાર મુખ્ય સિદ્ધિઓ

| પ્રકલ્પ | મુખ્ય ઉપલબ્ધિ |
|---|---|
| MOU | શિક્ષકોને પુસ્તકાલય સભ્યપદ અને સંદર્ભગ્રંથોની સુલભતા |
| પુસ્તકમિત્ર | શિક્ષકો અને વિદ્યાર્થીઓમાં વાંચનની પ્રેરણા |
| પાઠમાલા | પુસ્તકદાન દ્વારા પુસ્તકસંપત્તિમાં વધારો |
| NGO સહયોગ | પુસ્તકો અને પુસ્તકાલય સુવિધાઓમાં વધારો |
| ડિજિટલાઇઝેશન | પુસ્તક ઇસ્યુ-રિટર્ન પ્રક્રિયા સરળ બની |
| પરફોર્મન્સ સ્ટાર | વાંચન સાથે અભિવ્યક્તિ અને નેતૃત્વનો વિકાસ |

પ્રકલ્પોના સંભવિત શૈક્ષણિક પરિણામો

| સૂચકાંક | અપેક્ષિત અસર |
|---|---|
| વાંચનક્ષમતા | વધારો |
| પુસ્તકાલય ઉપયોગ | વધારો |
| શિક્ષક વ્યાવસાયિક વિકાસ | વધારો |
| વિદ્યાર્થી અભિવ્યક્તિ | સુધારો |
| અર્થગ્રહણ | સુધારો |
| સમાજની ભાગીદારી | વધારો |

10. ચર્ચા (Discussion)

પ્રાથમિક શિક્ષણમાં પુસ્તકાલયને શિક્ષણની સહાયક પ્રવૃત્તિ તરીકે જોવાની પરંપરાગત માન્યતા હવે બદલાઈ રહી છે. નવી શિક્ષણ નીતિ–2020 (NEP-2020), રાષ્ટ્રીય અભ્યાસક્રમ માળખું તથા UNESCO અને IFLA દ્વારા રજૂ કરવામાં આવેલા માર્ગદર્શક સિદ્ધાંતોમાં પુસ્તકાલયને શીખવાની પ્રક્રિયાનું કેન્દ્રસ્થાન આપવામાં આવ્યું છે. આ દૃષ્ટિકોણને અનુરૂપ અમદાવાદ જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિએ પુસ્તકાલય વિકાસને માત્ર ભૌતિક સુવિધાઓ સુધી મર્યાદિત રાખ્યો નથી, પરંતુ તેને શિક્ષકોના વ્યાવસાયિક વિકાસ, વિદ્યાર્થીઓની વાંચન સંસ્કૃતિ, માહિતી સાક્ષરતા, સમુદાયના સહયોગ અને ડિજિટલ વ્યવસ્થાપન સાથે સંકલિત કર્યો છે.

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી સાથે થયેલો સમજૂતી કરાર (MOU) શિક્ષકોને ગુણવત્તાસભર સંદર્ભસાહિત્ય ઉપલબ્ધ કરાવવાની દિશામાં મહત્વપૂર્ણ પહેલ છે. આથી શિક્ષકોમાં સ્વઅધ્યયનની વૃત્તિ મજબૂત બને છે અને વર્ગખંડમાં નવીન શૈક્ષણિક પદ્ધતિઓ અપનાવવા માટે પ્રેરણા મળે છે.

'પુસ્તકમિત્ર' અને 'પરફોર્મન્સ સ્ટાર' જેવા પ્રકલ્પો વાંચનને માત્ર વ્યક્તિગત પ્રવૃત્તિ ન રાખતા તેને સામાજિક અને શૈક્ષણિક અભિયાનમાં પરિવર્તિત કરે છે. વિદ્યાર્થીઓ પુસ્તક વાંચે, તેનું અર્થગ્રહણ કરે, સમીક્ષા લખે અને જાહેરમાં અભિવ્યક્તિ કરે તે પ્રક્રિયા ઉચ્ચ કક્ષાના ભાષાકૌશલ્ય, આત્મવિશ્વાસ અને સમીક્ષાત્મક ચિંતનના વિકાસમાં મદદરૂપ બને છે.

'પાઠમાલા' પ્રકલ્પ દ્વારા સમાજના સહયોગથી પુસ્તકો એકત્રિત કરીને શાળાઓ સુધી પહોંચાડવાની પ્રક્રિયા સામાજિક જવાબદારી (Social Responsibility)નું ઉત્તમ ઉદાહરણ છે. તે દર્શાવે છે કે પુસ્તકાલય વિકાસ માત્ર સરકારી જવાબદારી નથી, પરંતુ સમગ્ર સમાજની સહભાગિતાથી વધુ અસરકારક રીતે શક્ય બને છે.

પુસ્તકાલય ડિજિટલાઇઝેશન દ્વારા પુસ્તકોના સંચાલનમાં ઝડપ, ચોકસાઈ અને પારદર્શિતા આવી છે. પરિણામે પુસ્તકાલયનો ઉપયોગ વધવાની સાથે વિદ્યાર્થીઓમાં ડિજિટલ સાક્ષરતાનો પણ વિકાસ થાય છે.

આ તમામ પહેલોનું સંકલિત વિશ્લેષણ સૂચવે છે કે પુસ્તકાલય વિકાસ માટે નીતિ, નેતૃત્વ, ટેક્નોલોજી, સમાજની ભાગીદારી અને સતત પ્રોત્સાહન – આ પાંચેય પરિબળો સમાન રીતે મહત્વપૂર્ણ છે.

11. અભ્યાસના મુખ્ય તારણો (Major Findings)

1. પુસ્તકાલયોના ક્ષમતા નિર્માણ માટે જિલ્લા સ્તરે નીતિવિષયક આયોજન અત્યંત અસરકારક સાબિત થાય છે.
2. ગુણવત્તાસભર પુસ્તકોની ઉપલબ્ધતા શિક્ષકો અને વિદ્યાર્થીઓમાં વાંચન પ્રત્યે રસ વધારે છે.
3. પુસ્તકમિત્ર પ્રકલ્પ દ્વારા વાંચનને પ્રોત્સાહિત કરતું સકારાત્મક સ્પર્ધાત્મક વાતાવરણ સર્જાયું.
4. પાઠમાલા પ્રકલ્પ દ્વારા સામાજિક સહભાગિતાના પરિણામે પુસ્તકાલયોની પુસ્તકસંપત્તિમાં વધારો થયો.
5. NGOના સહયોગથી પુસ્તકાલય વિકાસ માટે વૈકલ્પિક સંસાધનો ઉપલબ્ધ બન્યા.
6. પુસ્તકાલયોના ડિજિટલાઇઝેશનથી સંચાલન વધુ સરળ, ઝડપી અને પારદર્શક બન્યું.
7. પરફોર્મન્સ સ્ટાર પ્રકલ્પ દ્વારા વિદ્યાર્થીઓમાં વાંચન સાથે અભિવ્યક્તિ અને અર્થગ્રહણ ક્ષમતાનો વિકાસ થયો.
8. શિક્ષકોમાં વ્યાવસાયિક વાંચનની વૃત્તિમાં વધારો નોંધાયો.
9. પુસ્તકાલયની પ્રવૃત્તિઓ શાળા સુધી મર્યાદિત ન રહી પરિવાર અને સમાજ સુધી વિસ્તરી.
10. પ્રાથમિક શિક્ષણની ગુણવત્તા સુધારવામાં પુસ્તકાલય આધારિત પહેલો અસરકારક સાધન બની શકે છે.

12. ભલામણો (Recommendations)

1. દરેક પ્રાથમિક શાળામાં સક્રિય અને આધુનિક પુસ્તકાલયની સુવિધા ઉપલબ્ધ કરવી.
2. પુસ્તકાલય વિકાસ માટે જિલ્લા સ્તરે અલગ વાર્ષિક કાર્યયોજના તૈયાર કરવી.
3. દરેક શિક્ષક માટે દર વર્ષે ન્યૂનતમ વાંચન લક્ષ્યાંક નક્કી કરવો.
4. વિદ્યાર્થીઓ માટે નિયમિત વાંચન અભિયાનનું આયોજન કરવું.
5. પુસ્તકમિત્ર પ્રકલ્પને રાજ્યવ્યાપી સ્તરે વિસ્તૃત કરવો.
6. પાઠમાલા જેવા પુસ્તકદાન અભિયાનને સતત ચલાવવું.
7. તમામ શાળાઓમાં પુસ્તકાલય ડિજિટલાઇઝેશન અમલમાં મૂકવું.
8. પુસ્તકાલય સંચાલકો માટે નિયમિત તાલીમનું આયોજન કરવું.
9. CSR તથા NGOના સહયોગથી પુસ્તકાલય વિકાસ માટે વિશેષ યોજના બનાવવી.
10. પુસ્તકાલયોના ઉપયોગનું વાર્ષિક મૂલ્યાંકન કરવું.
11. વાંચન આધારિત સ્પર્ધાઓ અને પુસ્તક સમીક્ષા કાર્યક્રમોનું નિયમિત આયોજન કરવું.
12. માતા-પિતાને વાંચન અભિયાન સાથે જોડવા માટે વિશેષ કાર્યક્રમો યોજવા.
13. જિલ્લા સ્તરે શ્રેષ્ઠ પુસ્તકાલય પુરસ્કાર શરૂ કરવો.
14. વાંચન સંસ્કૃતિને શાળા વિકાસ યોજનાનો અભિન્ન ભાગ બનાવવો.
15. રાજ્ય કક્ષાએ પુસ્તકાલય ક્ષમતા નિર્માણ માટે એકીકૃત નીતિ ઘડવી.

13. ઉપસંહાર (Conclusion)

શાળા પુસ્તકાલય શિક્ષણ વ્યવસ્થાનું મહત્વપૂર્ણ જ્ઞાનકેન્દ્ર છે. વર્તમાન સમયમાં માત્ર પાઠ્યપુસ્તક આધારિત શિક્ષણ વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે પૂરતું નથી. વાંચનની આદત, માહિતી સાક્ષરતા, સર્જનાત્મક વિચારશક્તિ અને સ્વઅધ્યયનની વૃત્તિ વિકસાવવા માટે પુસ્તકાલયોની ભૂમિકા અનિવાર્ય બની ગઈ છે.

અમદાવાદ જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ દ્વારા હાથ ધરાયેલા વિવિધ નીતિવિષયક પ્રકલ્પો દર્શાવે છે કે યોગ્ય નેતૃત્વ, સંકલિત આયોજન, સમાજની ભાગીદારી અને ટેક્નોલોજીના અસરકારક ઉપયોગ દ્વારા શાળા પુસ્તકાલયોને જ્ઞાનના સક્રિય કેન્દ્રોમાં રૂપાંતરિત કરી શકાય છે.
પુસ્તકમિત્ર, પાઠમાલા, ડિજિટલ પુસ્તકાલય, NGO સહયોગ અને પરફોર્મન્સ સ્ટાર જેવા પ્રકલ્પોએ શિક્ષકો અને વિદ્યાર્થીઓમાં વાંચન સંસ્કૃતિના વિકાસ માટે મજબૂત પાયો તૈયાર કર્યો છે. આ મોડેલ અન્ય જિલ્લાઓ માટે પણ માર્ગદર્શક બની શકે છે.

નવી શિક્ષણ નીતિ–2020ના ઉદ્દેશોને સાકાર કરવા માટે પુસ્તકાલયોના ક્ષમતા નિર્માણને શૈક્ષણિક આયોજનના કેન્દ્રસ્થાને સ્થાન આપવું સમયની માંગ છે. જો રાજ્ય અને રાષ્ટ્રીય સ્તરે આવી પહેલોને વ્યાપક સ્વરૂપ આપવામાં આવે તો ગુણવત્તાસભર અને સર્વસમાવેશક શિક્ષણના લક્ષ્યો હાંસલ કરવામાં નોંધપાત્ર સફળતા પ્રાપ્ત થઈ શકે છે.

સંદર્ભસૂચિ (References)


1. Government of India. (2020). *National Education Policy 2020*. Ministry of Education.
2. UNESCO. (2021). *Reimagining Our Futures Together: A New Social Contract for Education*. Paris: UNESCO.
3. International Federation of Library Associations and Institutions (IFLA). (2021). *IFLA School Library Guidelines* (2nd ed.).
4. Ranganathan, S. R. (1931). *The Five Laws of Library Science*. Madras Library Association.
5. Government of Gujarat. *ગુજરાત પ્રાથમિક શિક્ષણ સંબંધિત વિવિધ પરિપત્રો અને માર્ગદર્શિકાઓ*. ગાંધીનગર.
6. જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ, અમદાવાદ. (2020–2022). *વાર્ષિક અહેવાલો*.
7. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી. (2021). *પુસ્તકાલય સંવર્ધન અને MOU સંબંધિત દસ્તાવેજો*.
8. UDISE+. (2023). *Unified District Information System for Education Plus*. Government of India.
9. UNESCO. (1994). *UNESCO Public Library Manifesto*.